RNI Title Code : GUJGUJ18197

# ભારત હેડલાઈન

તટસ્થ, પારદર્શક અને નિડર અખબાર

Bharat Headline-Gujarati Morning Daily
(Monday to Saturday) Rajkot



‘નોટિસના નાટક બંધ, ફાયર NOC વિનાની મિલકતો સીલ કરો’

વાંચો પેજ નં. 4

માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : અમિત બીપીનભાઈ ઠક્કર | Date : 30 May 2024, Thursday | Page : 10 | Year : 1 | Issue : 191 | Price: 2/-



રાજકોટ આગકાંડમાં IAS-IPS પર તવાઈ?

# રાજકોટથી બદલી કરાયેલાં 4 ક્લાસ-1 અધિકારીની DGP સહાય આજે પૂછપરછ કરશે

## • IAS આનંદ પટેલ અને રાજુ ભાર્ગવ સહિતના 3 IPSને DGPનું તેડું

ભારત હેડલાઈન, તા.૨૯

ગત ૨૫ મે, ૨૦૨૪ના રોજ રાજકોટ શહેરના કાલાવડ રોડ પર આવેલા TRP ગેમ ઝોનમાં અગ્નિકાંડ થયો હતો. આ અગ્નિકાંડ ૨૭ લોકોને ભરખી ગયો હતો. ત્યાર બાદ એમાં નવા નવા ઘટસ્ફોટ થઈ રહ્યા છે. આ મામલે ટ્રાન્સફર કરાયેલાં ત્રણ આઈપીએસ અને એક આઈએએસની પૂછપરછ કરવામાં આવશે. આ ચારેય અધિકારીની ગુરુવારે પોલીસવડા વિકાસ સહાય દ્વારા પૂછપરછ કરવામાં આવશે તેમજ ખાસ પ્રશ્ન પણ તૈયાર કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગત ૨૭ મે, ૨૦૨૪ના રોજ રાજ્ય સરકારે ટીઆરપી ગેમ ઝોનમાં અગ્નિકાંડને લઈ રાજકોટના ત્રણ પોલીસ અધિકારી અને મ્યુનિસિપલ કમિશનરની તાત્કાલિક અસરથી બદલી કરવા આદેશ કર્યો હતો. રાજ્ય સરકારે પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ અને મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલની બદલી કરી દીધી છે. આ ઉપરાંત રાજકોટ શહેર એડિશનલ કમિશનર (એડમિનિસ્ટ્રેશન, ટ્રાફિક અને ક્રાઈમ) વિધિ ચૌધરીની પણ બદલી કરી દેવામાં આવી છે, જ્યારે રાજકોટ શહેર ઝોન-૨ના DCP ડો.સુધીર જે.દેસાઈની પણ બદલી કરવામાં આવી હતી. આ ચારેય અધિકારીની હવે પૂછપરછ કરવામાં આવશે.

સિસોદિયા અને સત્યેન્દ્ર જૈનને ઓફર મળ્યાનો કેજરીવાલનો દાવો

# ‘ભાજપમાં આવો, જામીન કરાવી દઈશું’

ભારત હેડલાઈન, તા.૨૯

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે દાવો કર્યો છે કે, ભાજપે મનીષ સિસોદિયા અને સત્યેન્દ્ર જૈનને ઓફર કરી છે કે, જો તેઓ ભાજપમાં જોડાઈજશે તો તેઓ તેમના જામીન કરાવી દેશે. ઉલ્લેખનીય છે કે, દિલ્હી લિકર પોલિસી કૌભાંડમાં કથિત મની લોન્ડ્રિંગ કેસમાં સુપ્રીમ કોર્ટે કેજરીવાલને પહેલી જૂન સુધીના વચગાળાાન જામીન આપ્યા છે, ત્યારબાદ તેઓ બીજી જૂને આત્મસમર્પણ કરી ફરી જેલમાં જશે.

અરવિંદ કેજરીવાલે આજે એક મીડિયાને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, ‘મનીષ સોસિદિયાએ શ્રેષ્ઠ સ્કૂલો બનાવી અને તેમને દોઢ વર્ષથી જેલમાં ધકેલી દેવાયા છે. જે સત્યેન્દ્ર જૈને મોહલ્લા ક્લિનિકો બનાવી, તેમને પણ જેલમાં બંધ કરી દેવાયા છે.’ આ ઉપરાંત તેમણે દાવો કર્યો છે કે, ‘જેલની અંદર સિસોદિયા અને જૈનને મેસેજ મોકલાયો છે, તેમાં કહેવાયું છે કે, તમે ભાજપમાં આવો, જામીન કરાવી દઈશું. આ કોણ કરાવે છે?’

# ચાંદી રેકોર્ડ તેજી સાથે ઑલટાઈમ હાઈ

ભારત હેડલાઈન, તા.૨૯

સોના કરતાં ચાંદીમાં રેકોર્ડ તેજીનો દોર જારી રહ્યો છે. વૈશ્વિક બજારોની સથવારે આજે સ્થાનીય બજારમાં ચાંદી રૂ. ૯૪૨૮૦ પ્રતિ કિગ્રાની સર્વોચ્ચ ટોચે પહોંચી છે. અમદાવાદ હાજર બજારમાં સોનાની કિંમત આજે નજીવી રૂ. ૨૦૦ વધી રૂ. ૭૪૭૫૦ પ્રતિ ૧૦ ગ્રામ નોંધાઈ છે. જ્યારે ચાંદીમાં રૂ.૧૧૬૦નો ઉછાળો નોંધાઈ ભાવ કિગ્રાદીઠ રૂ. ૯૪૨૮૦ની ઐતિહાસિક ટોચે પહોંચ્યો છે. અગાઉ ૨૨ મેના રોજ રૂ. ૯૩૦૦૦ની ટોચ નોંધાવી હતી. વૈશ્વિક સ્તરે સંસ્થાકીય રોકાણકારોની ખરીદીમાં વૃદ્ધિના કારણે સોના-ચાંદીના ભાવ સતત વધી રહ્યા છે. જો ફેડ દ્વારા વ્યાજદરોમાં ઘટાડો કરવાની શક્યતા પ્રબળ બને તો આગામી થોડા મહિનામાં ચાંદી રૂ. ૧ લાખ પ્રતિ કિગ્રાના રેકોર્ડ સ્તરે પહોંચશે.



ચાંદી હવે એક લાખની સપાટી ક્રોસ કરે તેવી શક્યતા

# યાત્રાધામ વિરપુરમાં અનેક હોટેલો ગેસ્ટહાઉસમાં ફાયર સેફ્ટીના નામે મીંડુ!

ભારત હેડલાઈન, તા.૨૯

તાજેતરમાં જ રાજકોટ ટીઆરપી ગેમઝોનમાં બનેલ અગ્નિકાંડમાં ત્રીસ જેટલી જિંદગી બુજાય ગઈ ઉલ્લેખનીય છેકે આ ટીઆરપી ગેમઝોનમાં ફાયરસેફ્ટીના અપૂરતા સાધનો હોવાથી અને ફાયર એનઓસી પણ નહીં હોવાથી મંજૂરી વગર જ આ ગેમઝોન ધમધમતું હતું, રાજકોટમાં ગેમઝોનમાં સર્જાયેલ અગ્નિકાંડ બાદ રાજ્ય સરકાર સફાળી જાગી ભીડવાળી જાહેર જગ્યાઓ બહુમાળી ઈમારતોમાં ફાયર સેફટીના સાધનોની સ્થિતિ શું છે તેની તપાસ હાથ ધરવામાં આવી છે ત્યારે જગવિખ્યાત યાત્રાધામ વિરપુર કે જ્યાં હજારો યાત્રાળુઓ આવતા હોય છે એમાંય હાલ વેકેશન સમયને કારણે દરરોજ યાત્રાળુઓની ભારે ભીડ જોવા મળે છે,દેશ વિદેશથી આવતા યાત્રાળુઓ વિરપુરમાં હોટેલ કે ગેસ્ટહાઉસમાં રાત્રી રોકાણ કરતા હોય છે, વિરપુરમાં અંદાજે ૮૦ કરતા પણ વધુ હોટેલ અને ગેસ્ટહાઉસ આવેલા છે પરંતુ યાત્રાધામ વિરપુરમાં આવેલ એનેક હોટેલો અને ગેસ્ટહાઉસમાં એનઓસી કે ફાયરસેફ્ટી વગર જ ધમધમે છે હાલ સરકારે ગેમ ઝોન, મોલ, થીયેટર, માર્કેટ, સ્કુલ, હોટેલ ગેસ્ટહાઉસ સહિતની જગ્યાઓ પર આ ફાયર એનઓસીની ચકાસણી કરવા આદેશ આપ્યો છે, રાજકોટ જેવી દુર્ઘટનાનું રાજયમાં કયાંય પુનરાવર્તન ન થાય તેવી કાર્યવાહીના આદેશ આપ્યા છે.



૨૮ લોકોના મૃત્યુ બાદ સરકારે જેમની પાસે ફાયર એનઓસી ન હોય તેઓ સામે ગુનો દાખલ કરાવવા કલેકટરોને આદેશ આપતા આ અંગે જિલ્લા પોલીસ વડાઓને પણ સૂચના આપવામાં આવી છે પરંતુ હાલ તો યાત્રાધામ વિરપુરમાં તંત્ર દ્વારા ફાયરસેફટી અને એનઓસી વગર ધમધમતી હોટેલો અને ગેસ્ટહાઉસોમા કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી નથી ત્યારે વિરપુર આવતા અને રાત્રી દરમીયાન ગેસ્ટહાઉસ કે હોટેલોમાં રોકાણ કરતા યાત્રાળુઓ ભગવાન ભરોસે હોય તેવું સામે આવી રહ્યું છે ત્યારે રાજકોટ જેવો અગ્નિકાંડ બીજે ક્યાંય ન સર્જાય તે માટે તંત્ર દ્વારા યાત્રાધામ વિરપુરમાં હોટેલો અને ગેસ્ટહાઉસોમાં તપાસ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## એકપણ હોટલ કે ગેસ્ટહાઉસમાંથી NOC માટે ફાઈલ આવી નથીઃ ગોંડલ ફાયરના અધિકારી

યાત્રાધામ વિરપુરમાં આવેલ અનેક હોટેલો અને ગેસ્ટહાઉસોમા ફાયરસેફ્ટીના સાધનો કે એનઓસી વગરજ ધમધમે છે ત્યારે આ અંગે ગોંડલ ફાયર વિભાગના અધિકારી સંજય કુમાર વસાણી સાથે ટેલિફોનિક સંપર્ક કરતા તેમને જણાવ્યું હતું કે હજુ સુધી એકપણ વિરપુરની હોટેલો કે ગેસ્ટહાઉસો માંથી કોઈ એનઓસી માટે ફાઈલ આવેલ નથી, વધુમાં જણાવ્યું હતું કે જીપલ્સટુ ની બિલ્ડીંગ હોય તો ફાયરના નિયમો અનુસાર ફાયનર હોજનેર અને એલાર્મ ફાયરની બોટલો ફાયર એસટ્યુબેટર સહીતના ફાયર સેફ્ટીના સાધનો રાખવા પડે અને જો કોઈ હોટેલો કે ગેસ્ટહાઉસોમા કોઈપણ પ્રકાર ફાયરસેફ્ટી ના સાધનો ન હોય તેવી હોટેલો કે ગેસ્ટહાઉસોને સીલ કરવાની કાર્યવાહી પણ થઈ શકે છે.

# રાજકોટ અગ્નિકાંડઃ 2021થી અત્યાર સુધીના તમામ અધિકારીઓને SITનું તેડું

- **અગ્નિકાંડ અંગે IPS અને IAS અધિકારીની પૂછપરછ કરાશેઃ સુભાષ ત્રિવેદી**

ભારત હેડલાઈન, તા.૨૯

રાજકોટના ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડમાં અત્યાર સુધીના સૌથી મોટા અહેવાલ સામે આવ્યા છે. તાજેતરની માહિતી અનુસાર એસઆઈટીના વડા સુભાષ ત્રિવેદીએ નવું ફરમાન જાહેર કરતાં ૨૦૨૧થી અત્યાર સુધીના તમામ ક્લાસ ૧ ઓફિસર્સને SIT સમક્ષ હાજર થવા માટે આદેશ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીની મળતી માહિતી અનુસાર એસઆઈટીના વડા સુભાષ ત્રિવેદી સમક્ષ પૂછપરછ હેતુસર કલેક્ટર, પોલીસ અને મ્યુનિસિપલ કમિશનર સહિત તમામ ક્લાસ ૧ અધિકારીઓએ પૂછપરછ માટે હાજર રહેવું પડશે. તેમાં ૨૦૨૧થી અત્યાર સુધી ફરજ પર તહેનાત અધિકારીઓને પૂછપરછ માટે હાજર થવાનું ફરમાન જાહેર કરાયું છે. બધાને સમન્સ મોકલી દેવામાં આવ્યા છે.

આજે ગાંધીનગરમાં ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં SITના સભ્યો સાથે મહત્વની બેઠક મળી હતી. બેઠકમાં SIT વડા સુભાષ ત્રિવેદી, ટેકનિકલ એજ્યુકેશન કમિશનર બંછાનિધી પાની, FSLના ડાયરેક્ટર એચ.પી.સંઘવી, ચીફ ફાયર ઓફિસર જે.એન.ખડિયા, માર્ગ અને મકાન વિભાગના સુપરિટેન્ડિંગ એન્જિનિયર એમ.બી.દેસાઈ હાજર રહ્યા હતા.

બેઠક બાદ મીડિયા સાથે વાત કરતાં સીટના વડા સુભાષ ત્રિવેદીએ જણાવ્યું કે, આ ઘટનામાં લોકોના જીવ ગયા છે, તેમને ન્યાય આપવા માટે જે સીટની રચના કરી હતી, તેની તપાસનું રિવ્યૂ કર્યું છે. આમાં જે કોઈ જવાબદાર હોય તેને શોધી તેના વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા માટે ગૃહમંત્રીએ સૂચના આપી છે. એમણે ચિંતા વ્યક્ત કરી છે કે, ભવિષ્યમાં કોઈપણ પ્રકારનો આવો બનાવ ન બને તેવી સિસ્ટમ બનવી જોઈએ. આમાં જે કોઈ અધિકારી કે પદાધિકારી હશે, તેમની પૂછપરછ કરવામાં આવશે. પૂછપરછ બાદ યોગ્ય રીતે આંકલન કરીને સરકારને રિપોર્ટ આપવામાં આવશે.

### BJP નેતાઓએ પ્રેસ કોન્ફરન્સ યોજી ઉજવણી નહીં કરવાની વાહીયાત જાહેરાત કરી!

# ભાજપના નેતાઓ મુઠ્ઠી વાળી ભાગ્યા !

## મોકરિયાને તો બોલવાનું ભાન ન રહ્યું, મેયર નયનાબેન પત્રકારોના પ્રશ્નોથી ઉભી પૂંછડીએ ભાગ્યા!

ભારત હેડલાઇન, તા.૨૯

રાજકોટ અગ્નિકાંડે સમગ્ર રાજ્યને હચમચાવી દીધું છે. આ હત્યાકાંડમાં માસૂમ બાળકો સહિત ૩૩ લોકો જીવતા હોમાયા હતા. પોતાના વહાલસોયાને ગુમાવારા પરિવારજનોનો કલ્પાંત શમવાનું નામ નથી લઈ રહ્યો. રાજ્યભરમાં આ ઘટનાને લઈ ભારે આક્રોશ જોવા મળી રહ્યા છે. ત્યારે આ પરિસ્થિતિઓ વચ્ચે ભાજપના નેતાઓએ જાણે શરમ નેવે મૂકી દીધી હોય તેવા દૃશ્યો સામે આવ્યા છે. ઈઉડ્ના નેતાઓએ પ્રેસ કોન્ફરન્સ કરી વાહીયાત જાહેરાત કરી હતી અને જ્યારે પત્રકારો દ્વારા ગેમઝોન અગ્નિકાંડ અંગે સવાલ પૂછવામાં આવ્યા તો તમામ નેતાઓ ઊભી પૂંછડીએ ભાગ્યા હતા.

સળગતી લાશો પાસે તમે શું કરતા હતા એ જાણવાનો અમને જરા પણ રસ નથી. લાશો શું કામ સળગી એ જાણવામાં અમને રસ છે. આજે રાજકોટમાં મીડિયાએ આ સવાલ ભાજપના સાંસદ રામ મોકરિયાને પૂછ્યો હતો, પરંતુ આ સવાલથી તેઓ ઊકળી ઊઠ્યા અને જણાવ્યું હતું કે તમે અલગ-અલગ ચાર પ્રશ્ન પૂછશો? ઘડીકમાં આમાં રસ નથી, કહી ઊભા થઈને હાલતી પકડી. તેઓ જતાં જતાં બોલ્યા, સરકાર નક્કી કરશે. તો બીજી તરફ રાજકોટનાં મેયર નયનાબેન પેઢેડિયાને પૂછ્યું કે આપ રાજકોટના પ્રથમ નાગરિક છો, કેમ સવાલના જવાબ નથી આપતા? રાજકોટની જનતા આગમાં હોમાઈ છે. જનતા તમારી પાસેથી જવાબ માગે છે. તમે કેમ ભાગો છે? કોઈનું પ્રેશર છે?



રાજકોટ શહેરમાં ગત ૨૫ મે, ૨૦૨૪ના રોજ થયેલા અગ્નિકાંડ બાદ આજે શહેર ભાજપના નેતાઓ મૃતકોને શ્રદ્ધાંજલિ આપવાના કાર્યક્રમને લઈ પ્રેસ-કોન્ફરન્સ યોજાઈ હતી. આ પ્રેસ-કોન્ફરન્સમાં જ રાજકોટ ભાજપનો અસલી ચહેરો સામે આવ્યો હતો. લગભગ કલાક સુધી ભાજપના નેતાઓ અને મીડિયા વચ્ચે ફિલ્મી ડ્રામા ચાલ્યો હતો.

મીડિયાએ સવાલોનો એક બાદ એક મારો ચલાવતાં શહેર ભાજપ ઊભી પૂછડીએ ભાગ્યો હતો. તેમાં પણ મેયર નયનાબેન પેઢડિયાએ શહેર ભાજપ કાર્યાલય બહાર નીકળ્યાં અને મીડિયાએ ઘેરીને સવાલો કર્યા હતા. મેયર એક્ટિવા પાછળ બેસીને ભાગી છૂટ્યાં હતાં. શરૂઆતમાં તો એક્ટિવા દોરીને ચાલી નીકળ્યાં હતાં, પછી તેમની સાથેની એક યુવતીએ એક્ટિવા મારી મૂક્યું હતું.

### ચૂંટણીમાં જીતીશું તો ઉજવણી નહીં કરીએ : BJP નેતા

રાજકોટમાં ભાજપના નેતાઓ દ્વારા પત્રકાર પરિષદ યોજવવામાં આવી હતી. દરમિયાન, જાહેરાત કરાઈ કે, લોકસભાની ચૂંટણીમાં જીતીશું તો ઉજવણી નહીં કરીએ. રાજકોટમાં ચૂંટણી પરિણામ પછી સાદગીભર્યો માહોલ રહે તેવી વાત બીજેપીના નેતાઓએ કરી હતી. જો કે, ભાજપના નેતાઓ પત્રકારોના સવાલોથી ભાગ્યા હતા. રાજકોટ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ વિશે જ્યારે સવાલ પૂછવામાં આવ્યા તો તમામ નેતાઓએ જવાબ આપવાનું ટાળ્યું હતું.

## TRP ગેમ ઝોનની જમીનના માલિક કિરીટસિંહ જાડેજાના 8 દી'ના રિમાન્ડ મંજૂર



ભારત હેડલાઇન, તા.૨૯

રાજકોટના TRP ગેમઝોનમાં બનેલી દુર્ઘટનામાં પોલીસે સાઅપરાધ મનુષ્યવધનો ગુનો નોંધ્યા બાદ આ કાંડમાં સંડોવાયેલા જવાબદારો સામે કાર્યવાહી કરી ધરપકડનો દૌર શરૂ કર્યો છે. અત્યાર સુધીમાં આ મામલે ૫ આરોપીઓની ધરપકડ કરવામા આવી છે અને એક આરોપી પ્રકાશનું મોત થતાં આ કેસમાં હજુ એક આરોપી ફરાર હોય જેની ધરપકડ કરવા માટે તજવીજ હાથ ધરી છે.

ગઈકાલે રાતના સમયે પાંચમા આરોપી TRP ગેમ ઝોનની જામીનના માલિક કિરીટસિંહ જાડેજાની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. જે બાદ સતત તેની પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. જે બાદ આજે કિરીટસિંહ જાડેજાને બપોરના સમયે તેઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. જ્યાં કોર્ટ દ્વારા કિરીટસિંહને ૮ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે.

## શહેરના આનંદ બંગલા ચોકની કોટક મહિન્દ્રા બેંકનાં સર્વર રૂમમાં આગ ભભૂકી

ભારત હેડલાઇન, તા.૨૯

રાજકોટમાં આગ લાગવાની વધુ એક ઘટના સામે આવી હતી. બપોરે આનંદ બંગલા ચોકમાં આવેલી કોટક મહિન્દ્રા બેંકના સિક્યુરીટી ગાર્ડ મંગળભાઈએ ફાયર બ્રિગેડને જાણ કરી હતી. જેથી મવડી ફાયર સ્ટેશનનો કાફલો દોડી ગયો હતો. તેમજ દોઢેક કલાક સુધી જહેમત ઉઠાવી આગ બુઝાવી હતી. આગ બેંકના ઉપરના ભાગે સર્વર રૂમમાં ચેન્જર ઓવર સ્વીચમાં લાગી હતી. અને ફાયર એબીસી




પાવડર તેમજ સીઓ-૨ની મદદથી આગ બુઝાવી હતી. આગમાં જનરેટર કેબલ આસપાસના ઈલેક્ટ્રિક બોર્ડ, વાયરીંગ સહિતને નુકસાન થયું હતું.

## નવા મ્યુનિસિપલ કમિશનરનો અધિકારીઓને કડક આદેશ

# ‘નોટિસ આપવાના નાટક બંધ, ફાયર NOC વિનાની મિલકતો સીધી સીલ કરો’

ભારત હેડલાઇન, તા.૨૯

TRP ગેમઝોન અગ્નિકાંડમાં અનેક વિભાગોની બેદરકારીઓ સામે આવી છે. જેમાં મુખ્યત્વે ફાયર સેફ્ટીના સાધનો અને ફાયર NOCનો મુદ્દો વધુ ઉછળ્યો છે. ગેમઝોનમાં ફાયર સેફ્ટીના સાધનો ન હોવાનું અને ફાયર ગધઈ ન હોવાથી દૂર્ઘટના સમયે તાત્કાલીક રાહત બચાવની કામગીરી ન થઈ શકી હોવાનું તપાસમાં બહાર આવતા શહેરના તમામ યુનિટોની ફાયર NOCની કડક ચેકીંગ કરવાના આદેશ નવ નિયુક્ત મ્યુનિસિપલ કમિશનર ડી.પી. દેસાઈએ આપ્યા હતા. હવે અધિકારીઓને નોટિસોનું નાટક બંધ કરીને ફાયર NOC અને BU સર્ટી ના હોય તેવી મિલકતોની સીધી સીલ કરવાની સૂચના આપવામાં આવી છે.

TRP અગ્નિકાંડ બાદ રાજકોટ મહાનગરપાલિકામાં ગઈકાલે ચાર્જ સંભાળતાવેત મ્યુનિસિપલ કમિશનર



ડી.પી. દેસાઈએ અગ્નિકાંડને પ્રથમ અગ્રતા આપી જ્યાં સુધી બેદરકારીઓને ખુલ્લી પાડવામાં ન આવે ત્યાં સુધી સતત ચેકીંગ ચાલુ કરવા માટે આજરોજ તમામ વિભાગના અધિકારીઓ સાથે મીટીંગ યોજી હતી.

આ બેઠકમાં કમિશનરે જણાવ્યું કે, ફાયર સેફ્ટીના નિયમો હેઠળ આવતા તમામ પ્રકારના બાંધકામોમાં આજથી જ કડક ચેકિંગ શરૂ કરવામાં આવે ફાયરના નોમ્સનું ઉલ્લંઘન થયું હોય તેમ જ ફાયર ગધઈ ન હોય અને અગાઉ લીધેલ ફાયર ગધઈ રિન્યુ કરાવેલ ન હોય તેવા એકમોને નોટિસ નહીં પરંતુ ડાયરેક્ટ સીલ કરવામાં આવે. પ્રથમ હોસ્પિટલો, ટયુશન ક્લાસીસ, બેંક્વેટ હોલ, મલ્ટીપ્લેક્સ મોલ સહિતના સ્થળે તૂટી પડવાના આદેશ જારી કર્યા છે. જેના માટે ૧૮ વોર્ડની અલગ અલગ ટીમો બનાવી આજે બપોર બાદ ચેકીંગ કામગીરી શરૂ કરવાની સૂચના આપી હતી. મ્યુનિસિપલ કમિશનરે વધુમાં જણાવેલ કે, નિયમ વિરુદ્ધ થતાં કોઈપણ કામો ચલાવી લેવામાં નહીં આવે. તેમજ અધિકારીઓને સૂચના આપેલ કે, તેમના વિભાગમાં નાનામાં નાના કર્મચારી દ્વારા કરવામાં આવતી તમામ કાર્યવાહી ઉપર સતત વોચ રાખવામાં આવે, જેનો રિપોર્ટ પણ ઉચ્ચઅધિકારીને આપવાનો રહેશે.

હાલ અગ્નિકાંડની તપાસ ચાલુ હોય પ્રાયોગિક ધોરણે પ્રથમ ફાયર સેફ્ટીની કામગીરી શરૂ કરવામા આવી છે. જેના માટે બાંધકામ વિભાગ, ટીપી વિભાગ, રોશની વિભાગ, ફાયર વિભાગ અને પોલીસ વિભાગને સાથે રાખી કામગીરી શરૂ કરવામા આવશે. જેમાં કોઈ જાતની બાંધછોડ ચલાવી લેવાશે નહીં. જો ફાયર એનઓસી નહીં હોય અથવા રિન્યુ થયેલ નહીં હોય તે કોમર્શીયલ એકમોને તુરંત ખાલી કરાવી સીલ મારવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ હોસ્પિટલ, બિલ્ડીંગ, ટયુશન કલાસીસ, મોલ અને શોપિંગ કોમ્પલેક્ષ, કોમ્યુનીટી હોલ, ઓડીટોરિયમ, સિનેમા હોલ, વોટર પાર્ક તથા અન્ય જાહેર સ્થળ તથા જ્યાં પબ્લિક એકત્ર થતી હોય તે વિસ્તારની ફાયર સેફટીની ચકાસણી કરવા માટે મ્યુનિ. કમિશનર દેવાંગ દેસાઈ દ્વારા વોર્ડ કમિટીની રચના કરવામાં આવી છે.

# TRP અગ્નિકાંડ બાદ રાજકોટ પોલીસનો સપાટો, 8 ગેમઝોનના સંચાલકો સામે ગુનો નોંધાયો

ભારત હેડલાઇન, તા.૨૯

રાજકોટમાં ટીઆરપી ગેમ ઝોનમાં ભભૂકેલી આગમાં ૨૭ લોકો જીવતા ભૂંજાઇ ગયા બાદ સરકાર સફાળી જાગી હોય તેમ ગેરકાયદે ચાલતા ગેમઝોનના માલિકો સામે ગુનો નોંધવા રાજયના પોલીસવડાએ આદેશ આપતા જ રાજયભરમાં ગેરકાયદે ચાલતા ગેમઝોન ઉપર પોલીસતંત્ર તુટી પડ્યુ છે અને ધડાધડ ગુના નોંધવાનું શરૂ કરવામાં આવ્યુ છે. રાજકોટમાં આઠ તથા અમદાવાદમાં ચાર ગેમઝોનના સંચાલકો સામે રાતોરાત ગુના દાખલ કરવામાં આવ્યા છે. રાજકોટમાં કુવાડવા રોડ પર આવેલ વર્લ્ડ ઓફ વન્ડર, કાલાવડ રોડ પર આવેલ ફ્લેપોઈન્ટ ક્રિસ્ટલમોલ, નોકઆઉટ ગેમઝોન, કોસ્મોપ્લેક્ષ સિનેમામાં આવેલ ગેમઝોન, ઈમ્પીરીટી ગેમઝોન, ફનબ્લાસ્ટ એન્ટરટેઈનમેન્ટ, ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ વુપી વર્લ્ડ ગેમઝોન તથા અમદાવાદ હાઈવે ઉપર આવેલ ક્રિષ્ના વોટરપાર્કના સંચાલકો સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

### રાજકોટના ક્યા ક્યા ગેમ ઝોન સંચાલકો સામે ગુનો

- **વર્લ્ડ ઓફ વન્ડર બોમ્બે સુપરમોલ** કુવાડવા રોડ (ભરત ખાચર)
- **પ્લે પોઈન્ટ ક્રિસ્ટલ મોલ,** કાલાવડ રોડ (હિતેશભાઈ ઓડેદરા)
- **નોક આઉટ ગેમ ઝોન,** સરિતાવિહાર રોડ કાલાવડ રોડ (દિવ્યેશ કાકડીયા)
- **કોસ્મોપ્લેક્ષ સિનેમા અંદર ગેમ ઝોન,** કાલાવડ રોડ (અંકિત બોધાણી)
- **ઈન્ફીનીટી ગેમ ઝોન,** કાલાવડ રોડ (રાજ રૈયાણી)
- **ફન બ્લાસ્ટ એન્ટરટેઈનમેન્ટ એલ.એલ.વી. ગેમ ઝોન,** કટારિયા ચોકડી (આશિષભાઈ રાઠોડ)
- **વુપી વલ્ડ ગેમઝોન,** પરસાણા ચોક, ૧૫૦ ફૂટ રીંગ રોડ (પંકજ ખોખર)
- **ક્રિષ્ના વોટરપાર્ક કુવાડવા**-અમદાવાદ હાઈવે (તન્મય મુખરજી)

## ઔદ્યોગિક એકમ સ્થાપવાના નામે TRP ગેમ ઝોનમાં વીજ કનેક્શન મેળવ્યું હતું

ભારત હેડલાઇન, તા.૨૯

રાજકોટ TRP ગેમ ઝોનમાં બનેલી ઘટના બાદ રાજ્ય સરકાર ગેમ ઝોન શરૂ થયા અત્યાર સુધીની તમામ બાબતોની ઝીણવટપૂર્વક તપાસ કરી રહી છે. ગેમ ઝોનની વિવિધ મજૂરી સાથે જોડાયેલા વિભાગોમાંથી ફાઇલ મુખ્યમંત્રી માગવી તે આધારે કાર્યવાહી કરીને ૭ જેટલા જવાબદાર અધિકારીનો સામે કાર્યવાહી પણ કરી છે.

મળતી વિગત મુજબ રાજકોટ ગેમ ઝોનના માલિકે ઔદ્યોગિક એકમ સ્થાપવાના નામે વીજ કનેક્શન મેળવવા બાબતે પીજીવીસીએલમાં અરજી કરીને વીજ કનેક્શન મેળવ્યું હતું. રાજ્ય સરકારે દ્વારા એસઆઈટીનું ગઠન કરવામાં આવ્યું હતું તેમની તપાસમાં પણ આ બાબત સામે આવી છે. ઔદ્યોગિક એકમના નામે વીજ કનેક્શન મેળવ્યા બાદ તેની તપાસ કેમ નહિ થઈ ઔદ્યોગિક એકમના સ્થાને મનોરંજન માટે બનાવેલા ગેમ ઝોનનું વીજ વિભાગે ચેકીંગ કર્યું હતું કે નહીં તે બાબત પણ તપાસ ચાલી રહી છે. ગેરકાયદેસર બાંધકામમાં વીજ કનેક્શન, પાણી કનેક્શન, ગટર કનેક્શન જેવી બાબતો પર પણ તપાસ થઈ રહી છે.

# અગ્નિકાંડના 5 દિવસ બાદ 27 મૃતકોની DNA મેચિંગના આધારે ઓળખ

## FSL રિપોર્ટ બાદ 26 સ્વજનોને મૃતદેહ સોંપાયા

ભારત હેડલાઈન, તા.૨૯

રાજકોટમાં TRP ગેમઝોનમાં ગત શનિવારે લાગેલી આગની દુર્ઘટનાને આજે પાંચ દિવસ થઈ ગયા છે. જે બાદ અત્યારે મૃત્યુ પામેલા લોકોના મૃતદેહ પોસ્ટમોર્ટમ અને ઉગઅ મેચિંગ બાદ તેમના સગાઓને સોંપવામાં આવી રહ્યા છે. બુધવારે બપોર સુધીમાં કુલ મળીને ૨૭ મૃતદેહની ઉગઅ મેચિંગના આધારે ઓળખ કરવામાં આવી છે. આ સાથે અત્યાર સુધી કુલ ૨૬ મૃતદેહ તેમના સ્વજનોને સોંપવામાં આવ્યા છે.

અગ્નિકાંડ બાદ જ્યારે કાટમાળ હટાવવાની કામગીરી કરવામાં આવી, ત્યારે કાટમાળ હેઠળથી પણ કેટલાક માનવ અંગો મળી આવ્યા જેમાં પગ, હાથ તથા આંગળાઓ જેવા આ માનવ અંગોને અન્ય અંગો સાથે મેચ કરવા કે પછી મૃતકોના ઉગઅ સાથે મેચ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

જો કે કાટમાળમાંથી મળેલા આ માનવ અંગો અલગ અલગ હોય અને મૃતકોના જે ઉગઅ લેવાયા છે જેની સાથે મેચ થતા નથી તો એ વાત સ્પષ્ટ થાય છે કે, આ મળેલા અંગો અન્ય હતભાગીઓના હોઈ શકે છે જો સરકારી આંકડા મુજબ સત્તાવાર મૃત્યુઆંક ૨૭ છે તો આ કાટમાળમાંથી મળેલા અંગોના આધારે જો વિશ્લેષણ કરીએ તો, મૃત્યુઆંક સરકારી આંક કરતા પણ વધુ હોવાનું પુરવાર થઈ શકે છે.

### કોની-કોની ઓળખ થઈ?

- જીજ્ઞેશ કાળુભાઈ ગઢવી (ઉ.૩૪)
- સ્મિત મનીષભાઈ વાળા (ઉ.૨૨)
- છત્રપાલસિંહ જાડેજા (ઉ.૨૧)
- હસમુખભાઈ સિદ્ધપુરા (ઉ.૩૦)
- આશાબેન ચંદુભાઈ કાથડ (ઉ.૧૯)
- હિમાંશુ દયાળજીભાઈ પરમાર (ઉ.૨૦)
- ઓમદેવસિંહ ગજેન્દ્રસિંહ ગોહિલ (ઉ.૩૬)
- વિશ્વરાજસિંહ જશુભા જાડેજા (ઉ.૨૪)
- સુરપાલસિંહ અનિરુદ્ધસિંહ જાડેજા (ઉ.૨૨)
- નમ્રદીપસિંહ જયપાલસિંહ જાડેજા (ઉ.૧૯)
- જયંત અનિલભાઈ ઘોરેચા (ઉ.૪૫)
- ધર્મરાજસિંહ વિરેન્દ્રસિંહ જાડેજા (ઉ.૧૨)
- વિરેન્દ્રસિંહ નિર્મળસિંહ જાડેજા (ઉ.૪૦)
- દેવાંશી (દેવશ્રી) હિતેન્દ્રસિંહ જાડેજા (ઉ.૧૨)
- રાજભા પ્રદીપસિંહ ચૌહાણ (ઉ.૧૫)
- નિરવ રસીકભાઈ વેકરીયા (ઉ.૨૦-૨૫)
- શત્રુઘ્નસિંહ શક્તિસિંહ ચુડાસમા (ઉ.૨૫)
- વિવેક અશોકભાઈ દુસારા (ઉ.૨૮)
- ટીશા અશોકભાઈ મોડાસિયા (ઉ.૨૪)
- કલ્પેશ પ્રવીણભાઈ બગડા (ઉ.૨૨)
- ખ્યાતિ રતિભાઈ સાવલિયા (ઉ.૨૮)
- ખુશાલી વિવેકભાઈ દુસારા (ઉ.૨૪)
- હરિતા રતિભાઈ સાવલિયા (ઉ.૨૫)
- મિતેશ બાબુભાઈ જાદવ (ઉ.૩૦)
- પ્રકાશચંદ કનૈયાલાલ હિરણ (ઉ.૪૫)
- મોનુ કેશવ ગૌંડ (ઉ.૨૧)

# 113 વર-વધુ સાથે છેતરપીંડી કરનાર ગઠિયો પકડાયો ! સમુહલગ્નના દિવસે સ્થળ પર ખાલીખમ મેદાન દેખાયું

## કુલ ૨ કરોડ ૪ લાખ ૮૬ હજાર જેટલી માતબર રકમ લઈને બેજાબાજ રફ્ફુચક્કર થાય તે પહેલા જ પોલીસે ઝડપી લીધો

ભારત હેડલાઈન, તા.૨૯

લગ્નના ગીતો વાગવાના હતા, જ્યાં ગણેશજી બેસાડવાના હતા, જ્યાં ઢોલ અને શરણાઈ વાગવાની હતી...પણ લગ્નસ્થળ પર કોઈજ આયોજન નહોતું. ૧૧૩ જોડાઓ લગ્ન કરવા પહોંચ્યા તો, લગ્નના સ્થળ પર ખાલીખમ મેદાન દેખાયું...બધા વરઘોડા પોલીસ સ્ટેશને પહોંચ્યાં...આ કિસ્સો છે અમદાવાદનો....

જીહાં, જ્યાં લગ્નના ગીતો વાગવાના હતા, જ્યાં ગણેશજી બેસાડવાના હતા, જ્યાં ઢોલ અને શરણાઈ વાગવાની હતી. ત્યાં હવે પરિવારજનોને પોલીસ સ્ટેશનના ધક્કાઓ ખાવાનો વારો આવી ગયો છે. સૌથી પહેલાં પોલીસ પકડમાં ઉભેલા આ નરાધમને જોઈ તમે પણ ચોંકી જશો. છેતરપિંડી કરનાર આ શખ્સ છે પ્રકાશ પરમાર નવ યુગલોના લગ્ન જીવનમાં પ્રકાશ પાડવાની જગ્યાએ આ નરાધમે અંધકાર કરી દીધો છે. જીહાં, કેમ કે પ્રકાશ પરમારે ૧૧૩ યુગલોને લગ્નના તાંતણે બાંધવાના સપના બતાવીને અમદાવાદના વસ્ત્રાલમાં સર્વજ્ઞાતિ સમૂહ લગ્નનું આયોજન કર્યુ હતુ. જ્યારે લોકો ભારે ઉમંગ અને ઉત્સાહ સાથે લગ્ન સ્થળે પહોંચ્યા તો ત્યાં કોઈપણ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું જ ન હતું. આરોપી પ્રકાશ પરમાર હિન્દુ જન વિકાસ સેવા સંઘમાં ટ્રસ્ટી હોય, તેણે સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નનું આયોજન કર્યું હતું. જેમાં ૧૧૩ જેટલા યુગલોએ યુગલ દીઠ ૨૨ હજાર રૂપિયા ભરીને રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. પરંતુ તમામ તૈયારી સાથે લોકો લગ્ન સ્થળે પહોંચ્યા ત્યારે ખબર પડી તેમની સાથે કોઈ રમત કરી ગયુ છે. આયોજકની ઓફિસે તપાસ કરી તો ત્યાં પણ તાળા મારેલા જોવા અંતે તમામ નવયુગલો અને પરિવારજનો અમરાઈવાડી પહોંચ્યા અને આયોજક પ્રકાશ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે જ્યારે આરોપીની ધરપકડ કરીને તપાસ કરી તો ખુલાસો થયો કે આરોપીએ ગયા મહિને પણ સમૂહ લગ્નનું આયોજન કર્યું હતું. જેમાં ધાર્યા કરતા વધુ ખર્ચ ખર્ચ થઈ જતાં આ સમૂહ લગ્નનું આયોજન થઈ શકે તેમ ન હોવાથી આરોપીએ લોકો સાથે છેતરપિંડી કરી હતી. ત્યારે આરોપીએ આવી રીતે બીજા લોકો સાથે કોઈ છેતરપિંડી કરી છે કે નહીં તે દિશામાં પોલીસે તપાસ આદરી છે.

# ખોડિયર ડેરી ફાર્મમાં દરોડા : મલાઈ, માવો, છાશ સહિત ૨ હજાર કિલો જથ્થા નાશ કરાયો

- **ફૂડ વિભાગે ડેરીમાંથી ડ્રાયફૂટ શિખંડ, પનીર, અંજીર કાજુ આઈસ્ક્રીમના નમુના લેબોરેટરીમાં મોકલ્યા**



ભારત હેડલાઈન, તા.૨૯

રાજકોટ મહાપાલિકાની ફૂડ શાખા દ્વારા આજે રૈયા રોડ ઉપર આમ્રપાલી અંડરબ્રિજ ઉપરના ભાગે આવેલી ખોડિયાર વિજય ડેરી ફાર્મમાં દરોડા પાડવામાં આવ્યા હતા. આ જગ્યાએ પોલીથીનની બેગમાં કોલ્ડ સ્ટોરેજમાં સંગ્રહ કરેલો ૮૦૦ કિલો મલાઈ, ૪૦૦ કિલો માવો, ૯૦૦ લીટર કેરેટમાં રહેલી છાશ મળી ૨ હજાર કિલો અખાદ્ય માલનો નાશ કરી દેવાયો હતો. તેમજ પેઢીમાંથી ડ્રાયફ્રુટ શિખંડ, પનીર તેમજ અંજીર કાજુ આઈસ્ક્રીમનાં નમુના લઈ પેઢીને નોટિસ ફટકારી હતી. ફ્રીઝમાં પેક રાખવામાં આવેલા માલ પર પેકિંગ ડેટ, બેચ નંબર, એકસપાયરી ડેટ સહિત ફૂડ સેફટીના કોઈ નિયમોનું પાલન કરવામાં આવ્યું ન હોવાનું સામે આવતા તમામ જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. ડેરીમાંથી ડ્રાયફૂટ શિખંડ (લુઝ), પનીર (લુઝ), તેમજ અંજીર કાજુ આઈસ્ક્રીમ (લુઝ)ના નમુના લઈ લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા હતા.

# TPO સાગઠીયા, ફાયર ઓફિસર ખેર-ઠેબા, PGVCLના ચૌહાણ સહિત ૧૧ની અટકાયત

- અગાઉ સસ્પેન્ડ થયેલા કોર્પોરેશન, માર્ગ-મકાન અને પોલીસના અધિકારીઓની પણ ક્રાઇમ બ્રાંચની કચેરીએ પૂછપરછઃ સાગઠીયાને ચાલુ મીટીંગમાંથી લઇ જવાયા


એમ.ડી. સાગઠીયા


બી.જે.ઠેબા

ભારત હેડલાઇન, તા.૨૯

રાજકોટમાં ૨૭ લોકોનો જીવ લેનારા ટીઆરપી ગેમઝોનના અગ્નિકાંડમાં હવે આકરા પગલાની તૈયારી શરુ થઇ ગઇ હોય તેમ આજે બપોરે એક સાથે ૧૧ અધિકારીઓને પૂછપરછ માટે પોલીસે ઉઠાવી લેતા સનસનાટી મચી જવા પામી છે. કોર્પોરેશનના ટીપીઓ, ફાયર વિભાગના વડા-નાયબ વડા, પીજીવીસીએલના ડેપ્યુટી એન્જીનીયર ઉપરાંત સસ્પેન્ડ કરાયેલા સાત અધિકારીઓને પૂછપરછ માટે લઇ જવામાં આવ્યા હતા. હવે આગળની કાર્યવાહી કેવી રહે છે તેના પર મીટ વચ્ચે સરકારી વિભાગોમાં સોંપો પડી ગયો છે. રાજકોટમાં ગત શનિવારે અગ્નિકાંડ સર્જાયા બાદ તપાસ માટે ખાસ ટીમની રચના કરવામાં આવી હતી અને તેના દ્વારા સરકારને પ્રાથમિક રીપોર્ટ સોંપી દેવામાં આવ્યા સાથે જ કાર્યવાહીનો બીજો રાઉન્ડ શરુ થયો હોય તેમ આજે અધિકારીઓની પૂછપરછ માટે અટકાયત કરવામાં આવી હતી. પોલીસના સુત્રોએ જણાવ્યું હતું કે, કોર્પોરેશનના મુખ્ય ટાઉન પ્લાનીંગ ઓફિસર (ટીપીઓ) એમ.ડી. સાગઠીયા આજે સવારે કોર્પોરેશન ખાતે મીટીંગમાં હતા.

ત્યારે જ ચાલુ બેઠકમાંથી ક્રાઇમ બ્રાંચની ટીમ તેમને લઇ ગઇ હતી આ સિવાય કોર્પોરેશનના ચીફ ફાયર ઓફિસર ઇલેશ ખેર, નાયબ ફાયર ઓફિસર ઠેબાને પણ લઇ જવામાં આવ્યા હતા. આ સિવાય પીજીવીસીએલના લક્ષ્મીનગર સબ ડીવીઝનના ડેપ્યુટી એન્જીનીયર એસ.કે. ચૌહાણને પણ પોલીસ પૂછપરછ માટે ઉપાડી ગઇ હતી.

સૂત્રોના કહેવા પ્રમાણે અગ્નિકાંડના તાત્કાલીક પગલામાં સસ્પેન્ડ થયેલા સાત અધિકારીઓને પણ પૂછપરછ માટે ક્રાઇમ બ્રાંચે લઇ જવામાં આવ્યા હતા. આ અધિકારીઓમાં કોર્પોરેશનના આસી. ટાઉન પ્લાનર ગૌતમ જોષી, આસી. એન્જીનીયર જયદિપ ચૌધરી, ફાયર વિભાગના ઓફિસર રોહિત વિગોરા, માર્ગ-મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઇજનેર એમ.આર. સુમા, આર.એસ. કોઠીયા તથા પોલીસ ઇન્સ. એન.આઇ. રાઠોડ અને વી.આર. પટેલનો સમાવેશ થાય છે. બંને પોલીસ અધિકારીઓની તો ગઇકાલે પણ લંબાણપૂર્વક પૂછપરછ કરવામાં આવી હતી અને આજે ફરી વખત તેડાવવામાં આવ્યા હતા.

# બિહારમાં ગરમીના કારણે ૮૦ વિદ્યાર્થિની બેહોશ, ૮ જૂન સુધી રાજ્યની સ્કૂલો બંધ રહેશે

ભારત હેડલાઇન, તા.૨૯

દેશભરમાં પ્રચંડ ગરમીનો પ્રકોપ યથાવત છે. મહત્તમ તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસથી વધુ રેકોર્ડ થઈ રહ્યું છે. દિલ્હીમાં ૫૦ ડિગ્રીની નજીક (૪૯.૯ ડિગ્રી) પહોંચેલા મહત્તમ તાપમાને છેલ્લા ૧૦૦ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો છે. આ ઉપરાંત રાજસ્થાન, હરિયાણા, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને બિહાર પણ આકરી ગરમીની લપેટમાં છે. અનેક રાજ્યોની સ્કૂલોમાં ગરમીની રજા છે પરંતુ બિહારમાં હજુ પણ સ્કૂલો ચાલું છે. બુધવારે નવતપાનો પાંચમો દિવસ છે. બિહારમાં પણ પારો ૪૮ ડિગ્રીની નજીક છે. બુધવારે ૮ જિલ્લાનાં ૮૦ બાળકો ગરમીને કારણે બેભાન થઈ ગયાં હતાં. રાજ્યમાં બે દિવસ માટે હીટવેવનું એલર્ટ જારી કરવામાં આવ્યું છે.



શેખપુરાની એક સ્કૂલમાં પ્રચંડ ગરમીના કારણે વિદ્યાર્થિનીઓની તબિયત એટલી ખરાબ થઈ ગઈ કે, તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવી પડી. આકરી ગરમીના કારણે શેખપુરા જિલ્લાના અરિયરી બ્લોક હેઠળ મનકૌલ અપગ્રેડેડ મિડલ સ્કૂલ સહિત ઘણી સ્કૂલોમાં વિદ્યાર્થિનીઓ બેહોશ થઈ ગઈ હતી. પ્રચંડ ગરમીના કારણે કેટલીક વિદ્યાર્થિનીઓ પ્રાર્થના દરમિયાન અને કેટલીક વિદ્યાર્થિનીઓ ક્લાસરૂમમાં બેહોશ થઈ હતી. વિદ્યાર્થિનીઓ બેહોશ થઈ જવાથી શિક્ષકોમાં અફરાતફરી મચી ગઈ હતી. વિદ્યાર્થિનીઓના પરિવારજનોને આ બાબતની જાણ થતાં તેઓ પણ સ્કૂલમાં પહોંચી ગયા હતા. ત્યારબાદ વિદ્યાર્થિનીઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

મટિહાની બ્લોકની મટિહાની મિડલ સ્કૂલમાં આકરી ગરમીના કારણે ૧૮ વિદ્યાર્થિનીઓ બેહોશ થઈ હતી. આ વિદ્યાર્થિનીઓને સારવાર માટે મટિહાની રેફરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. હોસ્પિટલમાં તમામ વિદ્યાર્થિનીઓની સારવાર કરવામાં આવી રહી છે. બેગૂસરાયમાં તાપમાન ૪૦ ડિગ્રીને પાર છે. પ્રચંડ ગરમી હોવા છતાં તમામ સ્કૂલો ચાલુ છે.

મિડલ સ્કૂલ મટિહાનીમાં અચાનક ૧૦:૦૦ વાગ્યાની આસપાસ સ્કૂલની વિદ્યાર્થિનીઓ બેહોશ થઈને ઢળી પડવા લાગી.ત્યારબાદ શાળામાં જ પ્રિન્સિપાલ ચંદ્રકાંત સિંહ દ્વારા પ્રથમ ORSનું સોલ્યુશન આપવામાં આવ્યું પરંતુ તેમ છતાં બેહોશ થવાનો સિલસિલો ચાલું રહ્યો. ત્યારબાદ તમામ વિદ્યાર્થીનીઓને સારવાર માટે મટિહાની રેફરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી. હાલમાં ૧૪ વિદ્યાર્થીનીઓની મટિહાની રેફરલ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. શાળાના પ્રિન્સિપાલ ચંદ્રકાંત સિંહે જણાવ્યું કે, ભીષણ ગરમી છે. સ્કૂલમાં પંખા પણ છે અને વીજળીની સાથે-સાથે જનરેટરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે તેમ છતાં ગરમીના કારણે વિદ્યાર્થીનીઓ બેહોશ થવા લાગી છે. સ્કૂલમાં પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી પરંતુ તેમની તબિયત વધુ લથડતા તમામ છોકરીઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી.

### સુપ્રસિદ્ધ ગાયક એસ.પી. બાલા સુબ્રમણ્યમના જન્મદિન નિમિત્તે

# રાજકોટ સુર સપ્તક ગ્રુપ દ્વારા મ્યુઝીકલ નાઈટનું આયોજનઃ નિઃશુલ્ક પ્રવેશ

ભારત હેડલાઇન, તા.૨૯

સુરસપ્તક ગ્રુપ દ્વારા આગામી તા.૧લીના શનિવારે સુપ્રસિદ્ધ ગાયક એસ.પી.બાલા સુબ્રમણ્યમના જન્મદિન નિમિત્તે મ્યુઝીકલ નાઈટનું આયોજન હેમુ ગઢવી હોલ ખાતે રાત્રે ૯ વાગ્યે કરવામાં આવેલ છે. તા.૧લીના શનિવારે સ્વ. એસ.પી. બાલા સુબ્રમણ્યમના જન્મદિન નિમિત્તે રાત્રે નવ વાગ્યે હેમુ ગઢવી હોલ ખાતે કરાઓકે સંગીતમય કાર્યક્રમ યોજાશે. સુર સપ્તક ગ્રુપના લોકલાડીલા ગાયક સંજય પંડયા (વોઈઝ ઓફ એસ.પી.) ઉપરોક્ત કાર્યક્રમમાં બાલા સુબ્રમણ્યમના ગીતો રજુ કરશે. રાજકોટમાં બીજી વખત કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. આ કાર્યક્રમમાં સુર સપ્તક ગ્રુપના સંજયભાઈ પંડયા (વોઈસ ઓફ એસ.પી. બાલાસુબ્રમણ્યમ) રાજેશભાઈ પંડયા (મુકેશજી), સુનીલભાઈ શાહ (હેમંતકુમાર), ડો.પ્રીતીબેન ભટ્ટ, પુનમબેન ગજેરાના અવાજના મધુર ગીતોથી તેમજ એન્કર દીપકભાઈ જોષી તથા ભાવનાબેન સોની પોતાના મધુર અવાજથી સ્વ. એસ.પી. બાલાસુબ્રમણ્યમ યાદ કરશે. કાર્યક્રમમાં રાજકોટના ડો. અતુલભાઈ જોષી કે જેઓએ છેલ્લા ઘણા વર્ષોથી રાજકોટમાં મેડીકલ ક્ષેત્રે કાર્યરત છે તેમજ જેમને ગીનીસ બુક ઓફ વર્લ્ડમાં પણ સ્થાન મળેલ છે અને તેથી પણ વધારે સંગીત ક્ષેત્રે પણ તેઓ ખૂબજ કાર્યરત છે અને ઘણા નામી કલાકારો સાથે પોતાની સંગીતયાત્રા ખેડેલ છે તેવા ડો. શ્રી અતુલભાઈ જોષીને શાલ ઓઢાડીને સન્માનવામાં આવશે તેમજ જૈન અગ્રણી ચંદ્રકાંતભાઈ શેઠનું બહુમાન કરાશે. આ કાર્યક્રમ રાજકોટની જાહેર જનતા માટે નિઃશુલ્ક રાખવામાં આવેલ છે. ફ્રી પાસ મેળવવા માટે સુર સપ્તકના રાજેશભાઈ પંડયા (૯૪૨૮૨ ૫૬૪૩૩) તેમજ સુનીલભાઈ શાહ (૯૮૨૪૨ ૧૦૫૧૫)નો સંપર્ક કરવાં જણાવાયું છે.



જાણીતા ગાયકો સંજય પંડ્યા (વોઈઝ ઓફ એસ.પી.), સુનીલભાઈ શાહ, રાજેશ પંડ્યા સહિતના કલાકારો જમાવટ કરશે

# કેબિનેટ મંત્રી બાબરિયાએ TRP ઝોન દુર્ઘટનાનાં મૃતકોના સ્વજનોને મળીને પાઠવી સાંત્વના

ભારત હેડલાઇન, તા.૨૯

રાજ્યના મહિલા અને બાળ વિકાસ કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયાએ રાજકોટના ટી.આર.પી. ગેમ ઝોન આગ દુર્ઘટનાનો ભોગ બનેલા હતભાગીઓના સ્વજનોને મળી તેમને સાંત્વના પાઠવી હતી. કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયાએ આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા વોર્ડ નં - ૧૨ના સ્વ. નીરવ વેકરિયાના પરિવારને અને ખરેડા ગામ ખાતે સ્વ. સત્યપાલસિંહ છત્રપાલસિંહ જાડેજાના પરિવારજનોને મળીને તેમના દુઃખમાં સહભાગી થયા હતા. સ્થાનિક પ્રતિનિધિ તરીકે રાજકોટમાં બનેલી આ આગ દુર્ઘટના માટે દુઃખની ઊંડી લાગણી વ્યક્ત કરતા સદગતોની આત્માને પ્રભુ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરી હતી. આ અગાઉ મંત્રી બાબરિયાએ સિવિલ હોસ્પિટલ, એઈમ્સ અને ગિરિરાજ હોસ્પિટલની મુલાકાત લઈને ઈજાગ્રસ્તો અને ભોગ બનેલા મૃતકોના પરિવારને મળી દુઃખની આ પળે સરકાર તેમની પડખે હોવાનું જણાવતા સંવેદના વ્યક્ત કરી હતી.



ગિરિરાજ હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ, એઈમ્સ, ખરેડા જઈને મૃતકોના પરિવારજનોને મળી દુઃખમાં સહભાગી થયા



# વોર્ડ નં.૧૩માં દિવંગતોના મોક્ષ માટે યજ્ઞ કરાયો

ભારત હેડલાઇન, તા.૨૯

રાજકોટના ગેમ ઝોનમાં સર્જાયેલી કરૂણ આગ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના આત્માની શાંતિ માટે વોર્ડ નં.૧૩માં યજ્ઞ રાખવામાં આવ્યો હતો. પૂર્વ કોર્પોરેટર જાગૃતિબેન પ્રભાતભાઈ ડાંગર સહિતના બહેનો દ્વારા દિવંગતોને મોક્ષ મળે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી. તેમાં બાળકો પણ સામેલ થયા હતા.

# વાસુપૂજય સ્વામી યુવક મંડળ તથા પારસ પૂનમ મંડળનું જીવદયાનું કાર્ય



ભારત હેડલાઇન, તા.૨૯

શ્રી વાસુપુજયસ્વામી યુવક મંડળ તથા શ્રી પારસ પુનમ મંડળ તરફથી ન્યારી ડેમે માછલીઓને લોટની ગોળી તથા કબુતરને ચણ ખવડાવવામાં આવેલ છે. જેમાં વિરેન્દ્રભાઈ મહેતા, હેતલભાઈ શાહ, દર્શનભાઈ શાહ, નિલેશભાઈ સોમૈયા, નિતિનભાઈ વોરા, મનીશભાઈ દોશી, નિશાન્ત શરદભાઈ, લાઠીયાભાઈ, કિર્તિભાઈ, વિમલેશભાઈ, ભામાશાભાઈ, પ્રદિપભાઈ હાજર રહ્યા હતા. આ કાર્ય બંન્ને ગ્રુપનાં દાતાશ્રી અને કાર્યકર્તાઓનાં સહકારથી થયેલ હતો.

# ગીરગંગા પરિવાર ટ્રસ્ટના સહયોગથી ગાર્ડી વિદ્યાપીઠ ખાતે ૩૦૦ ફૂટના ૪ વોટર રિચાર્જ બોર તૈયાર કરાયા





ભારત હેડલાઇન, તા.૨૯

ભવિષ્યની પેઢી માટે કુદરતી સ્ત્રોતોનું સંવર્ધન એ આપણી નૈતિક ફરજ અને જવાબદારી છે જેના ભાગરુપે આ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. હાલમાં જ આ આયોજન ગાર્ડી વિદ્યાપીઠ કેમ્પસ ખાતે કરવામાં આવેલું હતું. જ્યાં સંસ્થાના વિશાળ પરિસર ખાતે કુલ ચાર બોર ૩૦૦ ફૂટ સુધી કરવામાં આવશે. આગેવાન સભ્યો રમેશભાઈ જેતાણી તથા પરેશભાઈ જોશી અને ભીખાલાલ તરફથી સમગ્ર સૌરાષ્ટ્રમાં કુલ ૧૧,૦૦૦ ચેકડેમને રીપેર કરી ઉંચા, ઊંડા તેમજ નવા બનાવવાનો સંકલ્પ કરેલ છે જેમાંથી ૧૭૦ થી વધુ ચેક ડેમોનો જીર્ણોદ્ધાર પણ હાલ થઈ ચૂક્યો છે.

# રાજકોટ કલેક્ટર કચેરીમાં જ ફાયર એક્ઝીક્યુટર સિલિન્ડરની મુદ્દત ખત્મ : રીન્યુ કરવામાં બેદરકારી

- TRP અગ્નિકાંડ બાદ કચેરીના ૨૭ સિલીન્ડરની એકસપાયરી ડેઈટ પૂર્ણ થયાની જનરલ શાખા દ્વારા મોડે મોડે R&Bને કરાતી જાણ






ભારત હેડલાઇન, તા.૨૯

શહેરના નાનામવા રોડ પર ટીઆરપી ગેમ ઝોનના અગ્નિકાંડમાં ૨૭ થી વધુ વ્યકિતઓના મોત થતા રાજકોટ સહિત રાજયભરમાં ગમગીની સાથે આ ઘટનાએ ખાસ્સી ચર્ચા જગાવી દીધી છે. આ ઘટનામાં મ્યુનિસિપલ કોર્પોરેશન અને પોલીસ તંત્રની બેદરકારી ખુલ્લી પડયા બાદ રાજય સરકાર દ્વારા હવે ધડાધડ પગલા લેવાનું શરૂ કરી દેવામાં આવેલ છે. જેમાં શાળા, કોલેજો, મોલ, કોમ્પ્લેક્ષો, સહિતના બિલ્ડીંગોમાં અગ્નિશામક સાધનો અને ફાયર એનઓસી છે કે કેમ? તેની વિગતો મગાવવાનું જે તે વિભાગો પાસેથી શરૂ કરી દેવામાં આવી છે. પરંતુ ખુદ કલેકટર કચેરીમાં જ ફાયર એક્ઝીક્યુટર સીલીન્ડરની મુદ્ત ગત તા.૨૦/૫ના પૂર્ણ થયાનું ખુલ્યું છે.

આ અંગેની જાણ કલેકટર કચેરીની જનરલ શાખા દ્વારા આર એન્ડ બીને ટીઆરપી અગ્નિકાંડ બાદ કરવામાં આવી હતી. ફાયર એક્ઝીક્યુટર સિલીન્ડરના રીન્યુઅલમાં વિલંબ થતા અનેક પ્રશ્નો ઉપસ્થિત થવા પામેલ છે. અહીં ઉલ્લેખનીય છે કે કલેકટર કચેરીમાં ફાયર સિસ્ટમ જે નાખવામાં આવેલ છે જે સેન્ટ્રલ સિસ્ટમ છે. પરંતુ અત્યાર સુધીમાં આ સિસ્ટમનો ઉપયોગ કરવાની જરૂરત પડી નથી. પણ હાલ આ સિસ્ટમના હોર્સ પાઈપ પણ યોગ્ય ચાલતા હોય તેવું જણાયું નથી. કલેકટર કચેરીમાં દરેક માળે બે-બે હોર્સ પાઈપ નાખવામાં આવેલ છે. તેમજ કચેરીના દરેક ફલોર ઉપર ફાયર એક્ઝીક્યુટરના બે બે સિલીન્ડર મુકવામાં આવેલ હોય આખી કચેરીમાં આવા સિલીન્ડરોની સંખ્યા ૨૦ જેટલી છે. આ કચેરીના ગ્રાઉનડ્ ફલોર પર જયાં ઘોડીયા ઘર કાર્યરત કરાયું છે ત્યાં પણ એકપણ સિલીન્ડર નખાયેલ નથી. જો કે કલેકટર કચેરીના આ ફાયર સિસ્ટમના તમામ સિલીન્ડરોની એકસપાયરી ડેઈટ તા.૨૫ને ૨૦૨૪ હતી. જેના રીન્યુઅલમાં ભારે વિલંબ કરાતા આ અંગે પ્રશ્નો ઉઠયા છે. આ સંદર્ભે આર એન્ડ બીના વિપુલ વાઘેલાએ જણાવ્યું હતું કે કલેકટર કચેરીના તંત્ર દ્વારા આ અંગે તેઓને ટીઆરપી ગેમ ઝોનની દુર્ઘટના બાદ કલેકટર કચેરીના અગ્નિશામકના સિલીન્ડરોની મુદત પૂર્ણ થયાની જાણ કરવામાં આવી હતી. હવે આ સિલીન્ડરોને ક્રમશઃ ૨૦ દિવસમાં બદલવામાં આવશે. અહીં એ પણ ઉલ્લેખનીય છે કે કલેકટર કચેરીના દરેક ફલોર ઉપર પાણીના પરબ આવેલા છે જેમાંથી અડધા પરબમાં પાણી ખલાસ થતા કલેકટર કચેરીમાં આવતા મુલાકાતીઓ પણ ભારે હેરાન પરેશાન બની રહ્યા છે.

## વિશ્વકર્મા ફાઉન્ડેશન દ્વારા દિવંગતોને શ્રદ્ધાસુમન

Vishwakarma Foundation

ભારત હેડલાઇન, તા.૨૯

શહેરમાં નાનામવારોડ પર આવેલ ટી.આર.પી. ગેમઝોનમાં ગત તા.૨૫ ને શનિવારના રોજ આગની ગોઝારી દુર્ઘટનાના તમામ દિવંગતોને શ્રદ્ધાસુમન અર્પણ કરતા વિશ્વકર્મા ફાઉન્ડેશન રાજકોટ ટ્રસ્ટ મંડળ જણાવે છે કે, આ એક દુઃખદ કરૂણાંતિકા છે. આ દુઃખદ ઘટનાથી સમગ્ર વિશ્વકર્મા સમાજના લોકો ઊંડાશોક અને આઘાતની લાગણી અનુભવે છે. આ દુર્ઘટનામાં ફુલ જેવા નાના બાળકો અને યુવાનો જયારે અવસાન પામ્યા છે ત્યારે મૃતકો અને તેમના પરિવારની વેદનાનો વિચારકરતા અત્યંત દુઃખની લાગણી સાથે શ્રદ્ધાસુમન પાઠવ્યા હતા. વિશ્વકર્મા ફાઉન્ડેશન રાજકોટના પ્રમુખ પરેશભાઈ દાવડા, ઉપપ્રમુખ દિલીપભાઈ ઉમરાણીયા, નયનભાઈ મકવાણા, મંત્રી મનીષભાઈ ડોડીયા, રાજુભાઈ પિત્રોડા, જયભાઈ પીઠવા, સમીરભાઈ પરમાર, કિશોરભાઈ રાઠોડ, ટ્રસ્ટી મંડળ, કારોબારી સભ્યો અને સમગ્ર વિશ્વકર્મા સમાજ આ દુર્ઘટનાના તમામ દિવંગતોના આત્માને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

## લાખાજીરાજ લાયબ્રેરીમાં આયોજિત વિચાર ગોષ્ઠી 'વિવિધતામાં એકતા ભારતની વિશેષતા' સંપન્ન





ભારત હેડલાઇન, તા.૨૯

સંસ્કૃતિ એટલે માનવ મનનું ઊંડાણ પૂર્વકનું ખેડાણ જેમાં વિવિધતા પણ સમાવિષ્ટ છે અને એકતાની વિશિષ્ટ વિભાવના પણ અભિપ્રેત થાય છે. વિકાસ અને સાંસ્કૃતિક વિવિધતા વિશ્વ દિવસે લાખાજીરાજ લાયબ્રેરીના મધ્યસ્થ ખંડમાં તાજેતરમાં સંપન્ન થયેલી વિચાર ગોષ્ટી ''વિવિધતામાં એકતા-ભારતની વિશેષતા'' માં ઉપસ્થિત વિવિધ ક્ષેત્રના મોભીઓને સંબોધતા સુપ્રસિદ્ધ શિક્ષણ શાસ્ત્રી અને કે. એન વિશ્વ વિદ્યાલય અમદાવાદના કુલપતિ ડો. સુભાષ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું. લાખાજીરાજ સ્મારક ટ્રસ્ટના ઉપક્રમે સંપન્ન થયેલી વિચાર વિચાર ગોષ્ટીમાં રાજકોટ રાજ પરિવારના સદસ્યો ફૈબા સાહેબ પ્રેમિલા બા, રાજકુમારી શાંતિદેવીજી, કોરાણીસા ઉમાદેવીજી, રાણી સાહેબા કાદમ્બરી દેવીજી, કોરાણીસા મૃગેશા કુમારીજી, સહકાર ભારતીના રાષ્ટ્રીય અધ્યક્ષ જયોતિન્દ્રભાઈ મહેતા, સૌરાષ્ટ્ર પ્રાંતના સહ વ્યવસ્થા પ્રમુખ નરેન્દ્રભાઈ દવે, ચાર્ટડ એકાઉન્ટન્ટ પ્રવિણભાઈ ધોળકીયા, ડો. વંદના મૃગ, પ્રો. હસુતાબેન સેદાણી સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અમિતકુમાર બીપીનભાઈ ઠક્કર, મુદ્રણ – પ્રકાશન સ્થાન : ભારત હેડલાઈન પ્રિન્ટર્સ, ડ્રિમ સીટી ડીર–૧૦૩, દ્વારકેશ પાર્ક પાસે, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૭
Onwer, Publisher, Printer Editor : AMITKUMAR BIPINBHAI THAKKAR, Printed At : BHARAT HEADLINE PRINTERS, DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360005, Published At: DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360007

# 'બા' નું ઘર વૃધ્ધાશ્રમ ખાતે TRP ગેમઝોન દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા પ્રાર્થના સભા યોજાઈ




ભારત હેડલાઈન, તા.૨૯

"બા" નું ઘર વૃધ્ધાશ્રમ ખાતે રાજકોટના ગેમ ઝોન અગ્નિકાંડમાં દુઃખદ મૃત્યુ પામનાર જીવાત્માઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા અને તેમના દિવંગત આત્માને શાંતિ માટે સંસ્થાના ટ્રસ્ટીઓ, સંચાલકો અને સંસ્થાનાં પરિવાર દ્વારા એક પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. દિવંગત આત્માઓની સદગતિ માટે દરેક વ્યક્તિઓએ દીપ પ્રગટાવી દિલથી પ્રાર્થના કરવામાં આવેલ હતી. જેમાં સંસ્થાના મુકેશભાઈ મેરજા, ગીતાબેન પટેલ, નાથાભાઈ કાલરીયા, વિભાબેન મેરજા, તેમજ સમગ્ર સ્ટાફગણ હાજર રહ્યા હતા.

# સમસ્ત ખવાસ રજપુત સમાજ દ્વારા ટુલ કિટ તથા નોટબુક ચોપડા વિતરણ

ભારત હેડલાઈન, તા.૨૯

શ્રી દેશળદેવ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ સંચાલિત ખવાસ રજપુત સમાજ દ્વારા દર વર્ષેની જેમ આ વર્ષે પણ ખવાસ રજપુત સમાજના આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ માટે ૧ થી ૭ ધોરણના વિદ્યાર્થીઓને કંપાસ સાથે ટુલ કિટ તથા ૮ ધોરણ ઉપરના તમામ વિદ્યાર્થીઓને દાતા કિશોરભાઈ બચુભાઈ કાયમાના સૌજન્યથી નોટબુક ચોપડા અને કે.ટી. એન્જીનીયરીંગના ડીરેકટર રાજુભાઈ ચૌહાણ દ્વારા કંપાસ બોકસ સાથે ટુલકીટ સમાજના આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને નિઃશુલ્ક આપવામા આવશે આપણા એક માત્ર સમાજને રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનો ખવાસ (હિન્દુ) લખાવવાથી લાભ મળે છે છતા અમુક લેભાગુ ધરાહાર આગેવાનોના પાપે આપણો સમાજ હજુ પણ સામાજીક, આર્થિક, શૈક્ષણિક અને રાજકીય ક્ષેત્રે સમગ્ર ગુજરાતમાં



અલગ-અલગ નામ આપી સમાજનું સંગઠન અને નિર્માણ થવા દેવામાં પોતાના અંગત સ્વાર્થ માટે સમાજનું વિભાજન કરી રહયા છે ત્યારે શ્રી દેશળદેવ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ સંચાલિત ખવાસ રજપુત સમાજ દ્વારા વિનંતી કરીએ છીએ કે દર ત્રણ વર્ષે સમગ્ર ગુજરાતમાં સમાજ સંચાલિત સંસ્થાઓ, વાડીઓ, મંદિરો અને સમાજની જગ્યાઓ ઉપર સમાજ દ્વારા પારદર્શક ચૂંટણી કરવામાં આવે જેથી સમાજ પોતાનો સાચો પ્રતિનિધી સુનિશ્ચિત કરી શકે અને સમાજને ખરા અર્થમાં એક સાચો પ્રતિનિધિ મળી શકે અને સમગ્ર ગુજરાતમાં અન્ય સમાજની તુલનામાં આપણી નોંધ લેવડાવી શકીએ. ચોપડા નોટબુક વિતરણ કાર્યક્રમ તા. ૨/૬ રવિવાર સવારે ૧૦ વાગ્યાથી શરૂઆત થશે વહેલા તે પહેલાના ધોરણે રૈયા રોડ હનુમાન મઢી આગળ બ્રહ્મ સમાજ ચોક પાસે બ્રહ્મસમાજ હોલ રાજકોટ ખાતે કાર્યક્રમ યોજાશે. લાભ લેવા માટે વિદ્યાર્થીએ હાજર રહેવુ ફરજીયાત રહેશે. છેલ્લી અસલ માર્કસિટ સાથે જે વિદ્યાર્થી માર્કશીટ સાથે હાજર નહીં રહે તેને આનો લાભ નહીં મળે તથા સમાજનો કોઈપણ એક પુરાવો આપવાનો રહેશે. વધુ માહિતી માટે કાનાભાઈ ચૌહાણ ૯૪૦૯૨૦૦૮૦૦, ૯૬૮૭૫૦૦૮૮૮ નો સંપર્ક કરવા જણાવાયું છે.

### સમસ્ત મહાજન, કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ તથા સાહિત્ય ગઝલ કવિતા ગૃપના સંયુક્ત ઉપક્રમે

# પર્યાવરણ વિષયક ઓનલાઈન વકતૃત્વ સ્પર્ધા

ભારત હેડલાઈન, તા.૨૯

અત્યારે વેકેશનના માહોલમાં સૌને થોડી ફુરસદ છે ત્યારે આપણી સર્જન અને વકતૃત્વ શક્તિ ખીલે એવા હેતુથી સમસ્ત મહાજનના (ડો. ગીરીશભાઈ શાહ), કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ - એનિમલ હેલ્પલાઈન,રાજકોટ તથા સાહિત્ય ગઝલ કવિતા ગૃપના સંયુક્ત ઉપક્રમે પર્યાવરણ વિષયક ઓનલાઈન વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી છે જેના વિષયો (૧) પર્યાવરણની જાળવણી શા માટે અનિવાર્ય ? (૨) East or West, Vegetarianism is the Best. (૩) પશુ-પક્ષીની સેવા પરમો ધર્મ રાખવામાં આવ્યા છે. ઉપરોક્ત વિષયોને કેન્દ્રમાં રાખી આપે આપના વક્તવ્યનો વિડિયો તા.૩૧, મે, ૨૦૨૪ સુધી મોકલી આપવો. વીડિયોમાં અવાજની ક્વોલિટી ધ્યાનમાં લેવામાં આવશે. વિડિયો ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સિંધી કે કોઈપણ ભારતીય ભાષામાં રેકોર્ડ કરી શકાશે. વિડિયો મહત્તમ ત્રણ મિનિટનો હોવો જોઈએ. ત્રણ મિનિટથી વધારે હશે તો રદબાતલ ગણાશે. આ સ્પર્ધામાં કોઈપણ ઉંમરની વ્યક્તિ ભાગ લઈ શકે છે સ્પર્ધામાં ભાગ લેનાર દરેક સ્પર્ધકને E-certificate આપવામાં આવશે તેમજ વિજેતાને સંસ્થા દ્વારા આકર્ષક ઈનામો આપવા માં આવશે.

જેમાં પ્રથમ વિજેતાને ૨૫૦૦, દ્વિતીય વિજેતાને ૧૫૦૦, તૃતીય વિજેતાને ૧૦૦૧ અને અન્ય ૧૦ વિજેતાઓને ૫૦૧નું રોકડ ઈનામ આપવામા આવશે. તેમજ બાળકો સહિત સારા વક્તાઓને સફીક્ષફ ફિંહસત માં આમંત્રિત કરીને તેમનું ઇન્ટરવ્યૂ કરવામાં આવશે જે ડિજિટલ માધ્યમ દ્વારા લાખો લોકો સુધી પહોંચશે. આપનો



વિડિયો તા. ૩૧/૦૫ સુધીમાં મહેક હિંડોચા - મો. નં. ૮૪૦૧૪ ૦૧૦૮૧, ભૂષિત શુક્લ - ૯૦૧૬૬ ૯૬૩૮૦ ઉપર વહેલામાં વહેલી તકે મોકલી આપવા વિનંતી કરાઈ છે. છેલ્લાં બે દિવસ બાકી છે તો વધુમાં વધુ વકતૃત્વ સ્પર્ધામાં જોડાવ અને ઈનામો પ્રાપ્ત કરો. સમસ્ત મહાજન, કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ - એનિમલ હેલ્પલાઈન, રાજકોટ તથા સાહિત્ય ગઝલ કવિતા ગૃપના સંયુક્ત ઉપક્રમે ઓનલાઈન વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરેલ છે.

તેની વધુ માહિતી માટે મહેક હિંડોચા - ૮૪૦૧૪૦૧૦૮૧, ભૂષિત શુક્લ ૯૦૧૬૬ ૯૬૩૮૦ ઉપર સંપર્ક કરવા સમસ્ત મહાજનના ડો.ગિરીશભાઈ શાહ, કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ - એનિમલ હેલ્પલાઈન, રાજકોટના મિતલ ખેતાણી, ઘનશ્યામભાઈ ઠક્કર, ધિરેન્દ્ર કાનાબાર, રમેશભાઇ ઠક્કર, પ્રતિક સંઘાણી, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, ગૌરાંગભાઈ ઠક્કર, પારસભાઈ ભરતભાઈ મહેતાની યાદીમાં જણાવાયું છે.

# સમસ્ત શ્રીમાળી સોની પાટડીયા પરિવાર દ્વારા સરસ્વતી સન્માન કાર્યક્રમ સંપન્ન

ભારત હેડલાઈન, તા.૨૯

સમસ્ત શ્રીમાળી સોની પાટડીયા પરિવાર દ્વારા સરસ્વતી સત્કાર સમારંભ યોજાયો હતો. જેમાં ધો.૧ થી ૯ પાસ થયેલા વિદ્યાર્થીઓને સન્માનીત કરવામાં આવ્યા



હતા. આ કાર્યક્રમમાં અરવિંદભાઈ પાટડીયા, કાન્તિભાઈ ધકાણ, વૈભવભાઈ ચોકસી, નિકુંજભાઈ વાગડીયા, શ્વેતાબેન વાગડીયા, નિશાબેન રાણપરા, બીનાબેન મોંડેસરા, નેહાબેન ધકાણ, જાગૃતિબેન અને હસ્મિતાબેન પાટડીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા જીજ્ઞેશ વાગડીયા, કલ્પેશભાઈ પાટડીયા, સંદીપભાઈ જડીયા, પ્રશાંત વાગડીયા, ભાવીનભાઈ વાગડીયા, પરેશભાઈ પાટડીયા, સુમીત વાગડીયા, મિલનભાઈ સોની વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# રાજકોટમાં દાઉદી વ્હોરા સમાજ દ્વારા ગેમઝોનના મૃતાત્માને શ્રદ્ધાંજલી



ભારત હેડલાઇન, તા.૨૯

રાજકોટમાં ટીઆરપી ગેમ ઝોનના અગ્નિકાંડમાં મૃત્યુ પામેલા મૃતાત્માઓની શાંતિ માટે રાજકોટના ભગવતીપરા બેડીપરામાં દાઉદી વ્હોરા સમાજ દ્વારા શ્રદ્ધાંજલી અર્પવામાં આવી હતી.

# આત્મિય યુનિ.નાં કોમ્પ્યુટર સાયન્સ એન્ડ આઈટી ડિપાર્ટમેન્ટનો 'ધ હેકર્સ મીટઅપ' કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન

- **સાયબર ક્ષેત્રે બનાવોને ઝડપી ઉકેલવા અંગે વિદ્યાર્થીઓ વચ્ચે સ્પર્ધા યોજાઈ**

ભારત હેડલાઇન, તા.૨૯

સાઈબર કાયદા અને ડિજીટલ ફોરેન્સીક અંગે સજાગ રહે એ હેતુએ આત્મીય યુનિવર્સિટીનાં કોમ્પ્યુટર સાયન્સ એન્ડ આઈટી ડિપાર્ટમેન્ટ દ્વારા 'ધ હેકર્સ મીટઅપ' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથે સાઈબર ક્રાઈમ વિષયક ચર્ચા થઈ હતી. જેમાં વોટસઅપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ વગેરે સોશિયલ મીડીયા વિશે તેના ઉપયોગની વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રસંગે 'ધ હેકર્સ મીટઅપ' ચેપ્ટરના કોર ટીમ સભ્ય વિવેક ચંદ્રાસાલાએ ઉદઘાટન સત્રનું સંચાલન તેમજ ""Introduction to Digital Forensics" વિષય પર માર્ગદર્શન આપ્યુ હતું. રાજકોટનાં સીઈઓ હર્ષ ઠાકર એ ""Combating Deepfake" તેમજ સાઈબર પ્રોકટેકટર સીઈઓ નરેશ મકવાણાએ સાઈબર સિકયુરીટી વિષય પર માહિતગાર કર્યા હતા. સ્પીકર્સ સત્ર બાદ સીઆઈએફ સ્પર્ધાનું આયોજન નિસર્ગ વેહાડવા અને વિવેક ચંદ્રસાલા દ્વારા કરવામાં આવ્યું હતું. સીટીએફ સ્પર્ધાના વિજતા કાર્તિક ટુંબડીયા થયા હતા. આ પ્રસંગે આત્મીય યુનિવર્સિટીના આર.આઈ.એન્ડ.ટી. ડાયરેકટર ડો. આશિષ કોઠારી, કોમ્પ્યુટર સાયન્સ એન્ડ આઈટી ડિપાર્ટમેન્ટનાં હેડ ડો. પ્રકાશ ગુજરાતી ઉપસ્થિથ રહ્યા હતા. કાર્યક્રમનું સમગ્ર સંચાલન યશ ગોરસીયા અને યશ કોરાટ દ્વારા કરવામાં આવ્યું હતું.

# રાજકોટના ધો.૫થી અનુસ્નાતકના જૈન વિદ્યાર્થીઓ માટે પરમ શૈક્ષણિક સેવા યોજનાનો તા.૧લીથી પ્રારંભ



ભારત હેડલાઇન, તા.૨૯

રાજકોટના જરૂરિયાતમંદ પરિવારોની સહાય માટે જેઓ સ્કોલર છે તેવા વિદ્યાર્થીઓ ગુરુદેવ નમ્રમુનિ મ.સા.પ્રેરિત પરમ શૈક્ષણિક માટે પૂ.નમ્રમુનિ મ.ની પ્રેરણાથી પરમ શૈક્ષણિક સેવા યોજનાનો પ્રારંભ થયો છે. આ અંગે માહિતી આપતા પરમ સેવાની વ્યવસ્થાપક સમિતિના જૈન અગ્રણી ઉપેનભાઈ મોદી, એડવોકેટ કમલેશભાઈ શાહ, કેતનભાઈ શેઠ, મનોજભાઈ ડેલીવાળા વધુમાં જણાવે છે કે જૈન સમાજનાં બાળકો જે હોશિયાર છે. સ્કોલર છે, અને ઉચ્ચ માર્કસ સાથે ઉતીર્ણ થાય છે. તેવા જૈન સમાજનાં વિદ્યાર્થીઓ અને વિધાર્થિનીઓ વ્હારે અને અભ્યાસમાં મદદરૂપ થવા માટે રાષ્ટ્ર સંત પૂ.પરમ ગુરુદેવ નમ્ર મુનિ મહારાજ સાહેબ પ્રેરિત એક પરમ સેવા નામની શૈક્ષણિક સેવા યોજના દ્વારા રાજકોટના જરૂરિયાતમંદ પરિવારોની શૈક્ષણિક સેવા યોજના અંતર્ગત યત્કિંચીત મદદરૂપ થવાનો પ્રયત્ન કરવામાં આવશે. પરમ સેવા યોજનાનો લાભ લેવા ઈચ્છુક અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ રાજકોટ ઉવસગ્ગહરં સાધના ભવન, ૪, આફ્રિકા કોલોની, રાજકોટ ખાતેથી તા. ૧.૬ થી સવારે ૧૦ થી ૧૨ અને સાંજે ૪ થી ૬ સુધીમાં મેળવવાના રહેશે. આ પરમ શૈક્ષણિક સેવા યોજના હેઠળ ધોરણ ૫ થી અનુ સ્નાતક સુધી તથા એન્જિનિયરીંગ, મેડિકલ, હોમીઓપેથી સહિત ઉચ્ચ શિક્ષણ માટે જરૂરિયાતમંદ રાજકોટનાં જ જૈન વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવશે. આ માટે વ્યવસ્થાપક સમિતિ અને શ્રી ગુરૂ ભક્તો સેવારત છે વિશેષ માહિતી માટે ફોન.નં. ૨૫૭૭૬૩૦ ઉપર સવારે ૧૦ થી ૧૨ અને સાંજે ૪ થી ૬ સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયું છે.

# નેશનલ કરાટે સ્પર્ધામાં રાજકોટના ૩૬ ખેલાડી ૨૨ ગોલ્ડ, ૧૮ સિલ્વર-બ્રોન્ઝ સાથે ઝળકયા




ભારત હેડલાઇન, તા.૨૯

ઓલ ઈન્ડિયા વાડો કાઈ કરાટે એસોસીએશન દ્વારા ૨૬મી નેશનલ કરાટે સ્પર્ધાનું તા.૨૫ અને ૨૬ના અમદાવાદ એકા કલબ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર દેશમાંથી ગુજરાત, મહારાષ્ટ્ર, ઉતરપ્રદેશ, કર્ણાટક, આસામ, ઓડિશા, પશ્ચિમ બંગાળમાંથી આશરે ૪૦૦ કરતા વધારે ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં રાજકોટ પ્લાનેટ કરાટે એકેડેમીના ૩૬ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ ખેલાડીઓએ કાતા અને ફાઈટમાં ૨૨ ગોલ્ડ,૧૮ સિલ્વર અને ૧૮ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરીને કોચ સચિન ચૌહાણ અને રાજકોટનું ગૌરવ વધાર્યુ હતું.

# શ્રીનાથધામ હવેલીમાં આમ્રકુંજ મનોરથ દર્શન




ભારત હેડલાઇન, તા.૨૯

શહેરના નાના મવા સ્થિત શ્રીનાથધામ હવેલી ખાતે પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રીની મંગલ ઉપસ્થિતિમાં શ્રી ઠાકોરજીના સુખાર્થે ભવ્યતિભવ્ય આમ્રકુંજ મનોરથ દર્શનનો લાભ હજારોની સંખ્યામાં શહેરીજનોએ પ્રાપ્ત કર્યો તેમજ પૂજ્યશ્રી દ્વારા ૩૦૦થી પણ વધુ વૈષ્ણવોને બ્રહ્મસંબંધ દીક્ષા આપી તેમજ ભાવિકજનોએ પૂજ્યશ્રી પાસે ઠાકોરજી પુષ્ટ કરાવ્યા હતા. તેમજ પૂજ્યશ્રીના સ્વમુખેથી દરરોજ સવારે ૭ થી ૭.૩૦ તેમજ રાત્રે ૯.૩૦ થી ૧૦ કલાક હરિનામ સંકીર્તન લાભ શહેરીજનો લઈ રહ્યા છે.